# થરાદ પાલિકામાં સત્તા માટે ભાજપ-કોંગ્રેસની મથામણ

થરાદ, તા. ૨૫

થરાદ પાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકો માટેની ચૂંટણીમાં ભાજપ ૧૨ અને કોંગ્રેસ તથા અપક્ષોએ ૮-૮ બેઠકો મેળવી હતી. જો કે થરાદ પાલિકામાં સત્તાનું સુકાન સંભાળવા માટે ૧૫ બેઠોક મેળવવી જરૂરી છે. પરંતુ એક પણ પક્ષને બહુમતી મળી નથી. તેમ છતાં પણ બન્ને પક્ષો સત્તા પ્રાપ્તિના દાવા કરી રહ્યા છે.

સંજોગો સર્જાતાં અપક્ષો દર વખતની જેમ આ વખતે પણ હુકમનો એક્કો બનવા પામ્યા છે. જેની વચ્ચે ભાજપને બહુમતી માટે ત્રણ અપક્ષ સદસ્યના સમર્થનની જરૂર હોઈ સત્તાનો કોળીયો મોં સુધી આવવા જેવા ઘાટ સર્જાયો છે. જયારે કોંગ્રેસને આઠ અપક્ષો માંથી ઓછામાં ઓછા સાતને મનાવવા પડે તેવી નોબત આવી છે. (આવતીકાલે) સોમવારે પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી હોવાના કારણે કોણ બનશે નગરના પ્રમુખ - ઉપ્રમુખ તેને લઈને નગરમાં અનેક અટકળોની સાથે રાજકીય ગરમાવો તેજ બન્યો છે.

થરાદ પાલિકામાં પ્રમુખ પદ માટે પ્રથમ અઢી વર્ષ અનુસૂચિત જાતિ માટે અનામત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ટર્મમાં પાલિકાના ઈતિહાસમાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત વચ્ચે આઠ મહિના ભાજપને બાદ કરતા બાકીની સત્તા અપક્ષોએ ભોગવી હતી. અત્યારે ભાજપના પ્રમુખ તરીકે નગરપાલિકાના કર્મચારી તરીકે ત્રણ દસકાનો અનુભવ ધરાવતા અને પાલિકાના સદસ્ય તરીકે ગત ટર્મમાં પણ ચુંટાયેલા જેહાભાઈ કાંનજીભાઈ હડીયલ તથા કોંગ્રેસ અપક્ષોની યુતી સર્જાય તો હિરાલાલ પ્રેમાજી રાઠોડના નામ સંભવિત દાવેદારોમાં મોખરે છે. પરંતુ તમામ આતુરતા અને અટકળોનો અંત તો સોમવારે બપોરે પાલિકામાં નાયબ કલેકટ અને ચૂંટણી અધિકારી એ. કે. કલસરીયાની અધ્યક્ષતામાં યોજાનારી પ્રમુખ-ઉપ્રમુખની ચૂંટણી વખતે આવશે. જોકે હવે અંતિમ દિવસે બન્ને પક્ષો વચ્ચે તડજોડ થવાની રાજરમત વચ્ચે ભાજપની સત્તા પ્રાપ્તિ વચ્ચેની શક્યતા વધારે છે. પણ ભાજપને સત્તાથી વંચિત રાખવા માટે પણ કોંગ્રેસે પણ એક મોટો રાજકીય દાવ ખેલ્યો હોવાનું જાણવા મળ્યું છે.





## કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન- સારવાર કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં કમાલપુર ગામ સહિત આજુબાજુમાં રહેતા લોકોએ લાભ લીધો હતો. પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં કમાલપુર ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૭૮૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૬૧૦ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ૧૧૦ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. તો સમગ્ર કેમ્પ નું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોડાસાના ડુઘરવાડાથી અણીયોર-ઉભરાણ રોડ નિર્માણમાં ભ્રષ્ટાચાર આદરી ધૂળધાણીની બુમ

### કોન્ટ્રાક્ટરે ભ્રષ્ટાચારમાં હદ વટાવાતા નવા ગરનાળા બનાવવા જુના ગરનાળા તોડી એજ લગાવી દીધા

અરવલ્લી, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોમાં મોટે પાયે ખાઈકી કરી ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાથી જીલ્લાના વિકાસના કામોમાં ભારે ગાબડાં જોવા મળી રહ્યા છે. ડુઘરવાડાથી અણીયોર-ઉભારણ રોડ પહોળો કરવાની સાથે રોડનું નવીનીકરણ હાથ ધરાતા કોન્ટ્રાકટર દ્વારા જવાબદાર અધિકારીઓની આંખ નીચે ખુલ્લે આમ હલકી કક્ષાનું કામ કરવામાં આવતા અહીંથી પસાર થતા સામાન્ય માનવીને પણ રોડમાં માલસમાન હલકી કક્ષાનો વાપરવામાં આવતો હોવાનું ધ્યાને આવી રહ્યું છે. ત્યારે કોન્ટ્રાકટર સાથે અધિકારીઓની મીલીભગતથી ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની સમગ્ર પંથકમાં ભારે બુમ ઉઠી છે. મોડાસાથી અણીયોર-ઉભારણ રોડ ની ગુણવત્તા માટે વિજિલન્સની ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવેની પંથકમાં માંગ પ્રબળ બની છે.

મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામથી અણીયોર-ઉભારણ ધોરીમાર્ગનું નવીનીકરણ અને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા કોન્ટ્રાકટર અને અધિકારીઓની મીલીભગતથી ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવી રહ્યો હોવાનું જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું. રોડના એસ્ટીમેન્ટમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તાની બંને બાજુએ બંને બાજુ ખોદેલ માપ ઊંડાઈ અને પહોળાઈ ખોદવામાં આવી નથી પૂરણ કરવા વાપરવામાં આવેલી મેટલ હલકી કક્ષાની વાપરવામાં આવી હોવાનો અને યોગ્ય રીતે ફિટ કરેલ અને રોલર પણ ફેરવવામાં બેદરકારી દાખવવામાં આવી રહી છે.

રોડ પહોળો કરવા બનાવામાં આવી રહેલ ગરનાળા કામ માતો કોન્ટ્રાકટરે ભ્રસ્ટાચારની હદ વટાવી હોય તેમ મોટા ભાગે જુના ગરનાળા ખોલીને બદલવાની જગ્યાએ એનએજ તૂટેલા અને બિસમાર હાલતમાં રહેલા ગરનાળા બેસાડવામાં આવતા જેના વિડિઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે તદઉપરાંત પુલના કામમાં પણ તકલાદી કામ કરવામાં આવતા સમગ્ર પંથકમાં રોડ મટેરિયલની લેબોરેટરી કરવામાં આવેતો ભ્રષ્ટાચારની પોલ બહાર આવી શકે છે. આ અંગે જાગૃત નાગરિકો દ્વારા જવાબદારતંત્રમાં મૌખિક રજુઆત કરવામાં આવતા અધિકારીઓએ રોડનું કામ ધારાધોરણ કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી તેમ છતાં અધિકારીઓએ કોન્ટ્રાકટરને છાવરવામાં આવતો હોવાનો આક્ષેપ કરી આ અંગે રાજ્ય માર્ગ અને મકાન વિભાગમાં અને સ્ટેટ વિજિલન્સમાં આ અંગે લેખિત રજુઆત કરી કોન્ટ્રાકટર અને અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

## ચિનુ મોદીનું ગઝલ સાહિત્ય વિષય પર પરિસંવાદ યોજાયો

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને વિવેકાનંદ કોલેજ ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે 'ચિનુ મોદીનું ગઝલ સાહિત્ય' વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીએ ચીનુ મોદીનો વ્યક્તિવિશેષ પરિચય આપ્યો હતો. ત્યારબાદ ડૉ. ઉષા ઉપાધ્યાયે 'ચિનુ મોદીની ગઝલમાં શેરિયત' વિશે તથા યુવાકવિ અનિલ ચાવડાએ ચિનુ મોદીની ગઝલના શેરનું રસપાન કરાવ્યું હતું. આ ઉપરાંત, પ્રો. નિસર્ગ આહિરે ચિનુ મોદીના જીવન-કવન પર વિડિયો ડોક્યુમેન્ટરી રજૂ કરી હતી. વિવેકાનંદ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ભાસ્કર શુકલ એ પરિસંવાદની ભૂમિકા રજૂ કરી હતી. આ પરિસંવાદમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.





## 'ચાલો આદર્શ બાળક, વિદ્યાર્થી, નાગરિક બનીએ' કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર નવનિર્માણ પામી રહેલા બીએપીએસ સંસ્થાના મંદિરના પટાંગણમાં શનિવારે અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અને બીએપીએસ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ચાલો આદર્શ બાળક, વિદ્યાર્થી, નાગરિક બનીએ અને પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સુધારણા સેમિનાર યોજાયો હતો. જેમાં ૧૨૦૦ જેટલા મુખ્ય શિક્ષકોએ ભાગ લીધો હતો. મોડાસા શહેરમાં બીએપીએસ સંસ્થા અને અરવલ્લી જીલ્લા શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ચાલો આદર્શ બાળક, વિદ્યાર્થી, નાગરિક બનીએ કાર્યક્રમમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર હિંમતનગર કોઠારી શ્રી મંગલપુરુષ સ્વામી, મોડાસાના નિર્મલ ચરણ સ્વામી, રાજ્ય પરીક્ષા બોર્ડના જલુ સાહેબ, જીલ્લા શિક્ષણાધિકારી ઝાલા, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.કે. મોઢ, સાબરકાંઠા જીલ્લા શિક્ષણાધિકારી ઉપાધ્યાય, ડાયેટના પ્રાચાર્ય કે.પી. પોરાણીયા ઉપસ્થિત રહ્યા હતા આ સેમિનારમાં પૂજ્ય ભગવત સેતુ સ્વામી દ્વારા પ્રોજેકટર પર જીલ્લાના સીઆરસી, બીઆરસી અને ૧૨૦૦ શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ધાનેરા પોલીસે ચોરીની એક્ટિવા સાથે બે ઈસમોની અટકાયત કરી

ધાનેરા પોલીસે બે ચોરીની એક્ટિવા સાથે બે ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા એ રાજેસ્થાન સરહદ ઉપર આવેલો તાલુકો છે અને ધાનેરા સહીત બનાસકાંઠા જિલ્લામાં વાહન ચોરીના બનાવોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહયો છે ત્યારે આજે ધાનેરા પોલીસ ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલી નેનાવા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતી તે સમય દરમ્યાન ધાનેરા તરફથી આવી રહેલી બે એક્ટિવા ચાલકોને ઉભા રાખી તેમની પાસે કાગળ માંગતા તે ગલ્લા ટલ્લા કરવા લાગ્યા હતા અને પોલીસે આકરી પૂછપરછ કરતા તેમને કબુલ્યું હતું કે આ બંને એક્ટિવ ડીસાથી ચોરીને આવ્યા છીએ લાધુરામ લાલારામ વીસનોઇ અને કિંષ્ણારામ ચેનારામ વીસનોઈ બંને યુવકની ધાનેરા પોલીસે અટકાયત કરી છે અને ત્યારે આ બંને મોટી ચોરીના ગુનામાં પણ સંડોવાયેલ હોય તેવી પોલીસે શાક વ્યક્ત કરી છે અને રિમાન્ડ દરમ્યાન નવ ચોરીના ગુના પણ કાબુલ કરે તો નવાઈ નહિ.

## હિંમતનગરના બેંક ગ્રાહકને વિશ્વાસમાં લઈ ઓનલાઈનથી ૭૦ હજાર ઉપાડી લીધા

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સાબરકુંજ સોસાયટીમાં રહેતા એક ઈસમના મોબાઈલ પર ત્રણ દિવસ અગાઉ અજાણ્યા શખ્સે ફોન કરી તેમના બેંકના એટીએમનો પાસવર્ડ જાણી આ ઈસમની જાણ બહાર અજાણ્યા શખ્સે ઓનલાઈનથી રૂ. ૭૦ હજાર ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. જેથી સાબરકુંજ સોસાયટીમાં રહેતા આ ઈસમે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે ૪૮૧ સાબરકુંજ સોસાયટીમાં રહેતા પ્રકાશભાઈ સોમાભાઈ વણકરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ અજાણ્યા હિન્દી ભાષીએ મોબાઈલ નં. ૯૧૭૩૬ ૧૯૯૫૩૩૯ પરથી પ્રકાશભાઈના મોબાઈલ નં. ૯૦૯૯૧૦૬૬૧૧ ઉપર ફોન કરી હું એસબીઆઈમાંથી બોલુ છે તેમ કહી બેંકના ખાતા સાથે આધારકાર્ડ લીંક કરવાનું જણાવી ખોટી માહિતી અને ઓળખ આપી પ્રકાશભાઈના એટીએમ કાર્ડનો તથા આધારકાર્ડનો નંબર જાણી લીધો હતો. ત્યારબાદ આ અજાણ્યા હિન્દીભાષી શખ્સે પ્રકાશભાઈના ખાતામાંથી રૂ. ૭૦ હજાર ઓનલાઈન ટ્રાન્જેક્શનથી ઉપાડી લીધા હતા. ત્યારબાદ આ અંગે પ્રકાશભાઈને ખબર પડતા આ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ શુક્રવારે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવા બદલ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



## ધન્વંતરી આયુર્વેદિક કોલેજ અને હિન્દુ યુવા વાહિનીના સહયોગથી ચાંદરેજમાં સર્વરોગ નિદાન કેમ્પ

અરવલ્લી જીલ્લાની હિન્દુ યુવા વાહિની શાખા અને ધન્વંતરી આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી બાયડ તાલુકાના ચાંદરેજ ગામે રવિવારે મફત સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ચાંદરેજના ગ્રામજનો અને આજુબાજુના વિસ્તારના લોકોએ મોટી સંખ્યામાં સારવારનો લાભ લીધો હતો.

# ભિલોડા તાલુકા પંચાયત હસ્તકના વિકાસલક્ષી કામોની ગુણવત્તા નબળી, ટી.ડી.ઓ.ની લાલ આંખ

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત હસ્તકના વિકાસલક્ષી કામોની ગુણવત્તા નબળી હોવાના કારણે ટી.ડી.ઓ.એ લાલ આંખ કરતાં સંલગ્ન વિભાગના અધિકારીઓ, કોન્ટ્રાક્ટરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આર.સી.સી.માર્ગો, ચેકડેમો, ડીપ સહિત વિવિધ પ્રકારના વિકાસલક્ષી કામોમાં નબળી ગુણવત્તાના માલસામાનના વપરાશના લીધે તુટી ગયા છે.

ભિલોડા તાલુકા પંચાયત કચેરી હસ્તક ઠેર-ઠેર ચાલતા વિકાસલક્ષી કામોની ઓચિંતી મુલાકાત ટી.ડી.ઓ. કે.કે.ચૌધરી ધ્વારા લેવાતાં અમુક કામકાજમાં માલસામાનની ગુણવત્તા બિલકુલ નબળી હોવાના કારણે વિવિધ વિકાસલક્ષી કામો મજબુત કરવા અને સુધારવા સંદર્ભે સંલગ્ન વિભાગના વિવિધ અધિકારીઓને એકત્રીત કરી ટી.ડી.ઓ.ધ્વારા બેઠક બોલાવાઈ હતી.

ભિલોડા તાલુકા પંચાયત હસ્તકના લાખ્ખો કરોડો રૂપિયાના વિકાસના કામોની ટી.ડી.ઓ. કે.કે.ચૌધરીએ રૂબરૂ ઓચિંતી મુલાકાત લેતાં અમુક વિસ્તારોમાં લાઈન લેવલ વગરના અને કાંકરેટની ગુણવત્તા નબળી દેખાતાં વિવિધ કામોને દુરસ્ત કરવા તેમજ ભવિષ્યમાં વિવિધ વિકાસલક્ષી કામકાજની યોગ્ય ગુણવત્તા જાળવવા સંદર્ભે અધિકારીઓની તાકીદે બેઠક બોલાવાઈ હતી.

આર.સી.સી.માર્ગો, ડીપ, ચેકડેમ સહિત વિવિધ પ્રકારના વિકાસલક્ષી કામકાજોની કામગીરી નબળી થઈ હોવાના કારણે ખુબ ટુંકાગાળામાં તુટી જાય છે. સરકારી લાખ્ખો કરોડો રૂપિયા વ્યર્થ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભિલોડા તાલુકા વિકાસ અધિકારી કે.કે.ચૌધરીએ ઓચિંતી મુલાકાત લેતાં સંલગ્ન વિભાગના અધિકારીઓ, સરપંચો, કોન્ટ્રાકટરો, એજન્સીઓના સંચાલકોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે.

ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે વિકાસલક્ષી વિવિધ પ્રકારના કામકાજની યોગ્ય ગુણવત્તા જળવાય સરકારી વિવિધ યોજનાઓના લાખ્ખો કરોડો રૂપિયા વ્યર્થ ન જાય તે બાબતે સંલગ્ન વિભાગના અધિકારીઓએ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વ્યક્ત કર્યો હતો.

# મોડાસામાં યુવા કલાકારોના ટેટ્રાડ ગ્રુપ દ્વારા 'સૂર પાંચમનો મેળો' યોજાયો

### બ્રધર બિટ્સ બોલીવુડ રિધમીસ્ટ આરીફ ચીનાનું ધમાકેદાર સંગીત

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાનું મુખ્ય મથક મોડાસા શહેર ઉત્તર ગુજરાતમાં શિક્ષણ નગરી અને આરોગ્યનગરી તરીકે ખુબ જાણીતું છે ત્યારે મોડાસા શહેરની યુવા પેઢી દેશ અને રાજયકક્ષાએ સંગીતક્ષેત્રે પણ નામના મેળવી રહી છે મોડાસાના યુવા કલાકારોના ટેટ્રાડ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા મોડાસામાં સૌપ્રથમવાર "સુર પાંચમનો મેળો" સપ્તકલા કલચરલ ફોરમ ગ્રુપ દ્વારા મ્યુઝિકલ નાઈટનું મોડાસા કોલેજના ભામાશા હોલમાં આયોજન કરવામાં આવતા ખીચોખીચ સંગીતપ્રેમીઓ અને યુવાઓથી હોલ ગુંજી ઉઠ્યો હતો. બોલીવુડના જાણીતા ઓર્કેસ્ટ્રા આરીફચીનાના બ્રધરબીટસે રંગત જમાવી હતી. મોડાસાના યુવા ગીત લેખક, સંગીતકાર અને ગાયક વ્રજ સોનીના "તું અને તારી વાતો" આલ્બમનું જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલના હસ્તે યૂટ્યૂબ પર લોન્ચ કરવામાં આવ્યું હતું,

મોડાસા કોલેજના ભામાશા હોલમાં શનિવારે રાત્રે ટેટ્રાડ મ્યુઝિકલ ગ્રુપ અને સપ્તકલા કલચરલ ફોરમ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ભવ્ય "સુર પાંચમનો મેળો" મ્યુઝિકલ નાઈટના આયોજનમાં મોડાસાની છોટી લતાજીનું ઉપનામ ધરાવતી કૃપા દવે અને યુવા ગાયક બેનઝીર, મો. વસીમ,અભ્મી શાહ,જાવેદ અલી,મો. શકીલ, વ્રજ સોની અને વંદન ભાવસારે હિન્દી ફિલ્મોના સુપરહિટ જુના અને નવા સોંગ, સૂફી ગીતો સહીત ગઝલ દ્વારા ઉપસ્થિત લોકોને ગાયકીથી ઝુમતા કરી દીધા હતા. બોલીવુડના જાણીતા દ્રમિસ્ટ પ્લેયર આરીફચીનાના બ્રધર બિટ્સના "લૈલા મૈં લૈલા"ના ધમાકેદાર સંગીતથી અબાલ વૃદ્ધ સૌ કોઈ ઝૂમી ઉઠ્યા હતા અને ભામાશાહોલનું વાતાવરણ સંગીતના તાલે ગુંજી ઉઠ્યું હતું મ્યુઝિકલ નાઈટનું એન્કરિંગ યુવા કવિયત્રી, લેખક નૈયા જોષી અને પવન વપરાની એ કર્યું હતું સપ્તકલા કલચરલ ફોરમના પ્રો.સંતોષ દેવકર (જાણીતા સાહિત્યકાર)એ માર્ગદર્શન પુરું પાડ્યું હતું. "તું અને તારી વાતો" આલ્બમની અભિનેત્રી નિધિ




પ્રણામી પણ જોડાઈ હતી.

"સુર પાંચમનો મેળા"માં જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, મ. લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ મોડાસાના પ્રમુખ વસંત પટેલ, પ્રાર્થના ગ્લોબલ સ્કૂલના ચેરમેન કનુભાઈ પટેલ, સંગીતજ્ઞ પ્રદીપ ખંભોળજા, જેસીઆઈ ઉપપ્રમુખ ભરત સોની (રાધિકા જવેલર્સ) ઉપસ્થિત રહી યુવા ગાયક કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મોડાસા શહેર અને જીલ્લાના સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીના ધનસુરામાં પ્રયાસ ગ્રુપ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અરવલ્લી, તા. ૨૫

અરવલ્લીના ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓનો રહ્યા હતા.

જુના ભણતરના સાથી મિત્રોએ જુની યાદો તાજી કરી હતી. તો શિક્ષકો અને મંડળના ધનસુરા કેળવણી મંડળના ટ્રસ્ટી મોતીભાઈ પટેલ, ધનસુરા હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ, રોહિતભાઈ પટેલ,



સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. પ્રયાસ ગ્રુપ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમને ભણતરના ભેરુ નામ અપાયું હતું. જેમાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭ના ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહમા હાજર સભ્યોએ પણ જૂની યાદો તાજી કરી હતી અને આ કાર્યક્રમની સરાહના કરી હતી. આ કાર્યક્રમમાં વિધાર્થી સમયની વાતો કરી હતી તેમજ સાથે ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ સહિત મંડળના સભ્યો અને શાળાના શિક્ષકો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રયાસ ગ્રુપના આનંદ પટેલ, જીતેન્દ્ર ચોપડા, જય જોષી, રાજેશ વાઘેલા, જીજ્ઞેશ પ્રજાપતિ દ્વારા કરાયું હતું.

# સુરત નાઈટ મેરેથોનમાં દોડવીરો ઉમટ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મોડી સાંજે સુરત નાઈટ મેરેથોનને લીલીઝંડી આપી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી અને અન્ય આયોજકો પણ ઉપસ્થિત રહ્યા હતા. સુરત નાઈટ મેરેથોનમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. છેલ્લા કેટલાક દિવસથી સૂરત નાઈટ મેરેથોનની તૈયારી ચાલી રહી હતી. સૂરતમાં નાઈટ મેરેથોન દરમિયાન કેટલાક નવા રેકોર્ડ પણ થયા હતા. સૂરત નાઈટ મેરેથોનમાં ભાગ લેવા ૧.૫ લાખ રનર્સ દ્વારા તૈયારી દર્શાવવામાં આવ્યા બાદ સમગ્ર સુરત ઝળહળતી રોશનીમાં નાઈટ મેરેથોનના રંગમાં રંગાઈ ગયું હતું.